| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૧ | ૦૨ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ : | ૧૧ | ૦૫ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૦૦ |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ–૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

## FORM - A

**મે. અંકલેશ્વરનાં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી વી. આર. સોલંકી ) સાહેબની કોર્ટમાં , અંકલેશ્વર , જી.ભરૂચ.**

**આંક:–**

**(જજમેન્ટ તારીખ– ૧૧/૦૫/ ૨૦૨૬)**
**ક્રિમીનલ કેસ નં– ૮૩૧/૨૦૨૬**
**(અંકલેશ્વર શહેર બી ડીવી. પોલીસ સ્ટેશન, ગુ.ર.નં–૧૧૧૯૯૦૬૧૨૬૦૦૦૫/૨૦૨૬)**
ભારતીય ન્યાય સંહિતા કલમ–૨૮૧,૧૨૫(એ)(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ – ૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W મુજબ.

| | |
|---|---|
| **ફરીયાદી:–** | **શ્રી સરકાર.**<br>**(મૂળ ફરીયાદી– કોમલ રહેમાનઅલી મહંમદ હબીબ)** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર<br>શ્રી એસ.વી. પટેલ |
| **આરોપી:–** | **આરીફ મકબુલ સીદ્દીકી**<br>હાલ રહે. સડવાડા રમજાન વાડી વાપી,<br>તા. પારડી, જી.વલસાડ<br>મુળ રહે. રણીજોત ગામ, તા.તુલસીપુર, જી. બલરામપુર યુ.પી. |
| આરોપી તરફે :– | વિ.વ.શ્રી એસ.એન. કુદણીયા/સી.આઈ. પરમાર |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૦૩/૦૧/૨૦૨૬ |
| એફ.આઈ.આર.તારીખ– | ૦૪/૦૧/૨૦૨૬ |

| | |
|---|---|
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૧૦/૦૨/૨૦૨૬ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | ૧૬/૦૩/૨૦૨૬ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૨૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૧૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૧૧/૦૫/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**–::આરોપીની વિગત::–**

| **આરોપીનો રેન્ક** | **આરોપીનું નામ** | **ધરપકડ કર્યા તારીખ** | **જામીન મુકત કર્યા તારીખ** | **આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત** | **નિર્દોષ કે દોષિત.** | **ફરમાવેલ સજા.** | **ક્રિ.પ્રો. કો. કલમ– ૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય.** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આરીફ મકબુલ સીદ્દીકી | -- | -- | ભારતીય ન્યાય સંહિતા કલમ– ૨૮૧ , ૧૨૫(એ) (બી), ૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪, ૧૮૭ R/W | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

## FORM - C

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**<u>એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | કોમલ રહેમાનઅલી મહંમદ હબીબ | ૦૫ | ફરીયાદી |
| ૨ | નિરજ હરીલાલ મૌર્ય | ૦૮ | સાહેદ |
| ૩ | રોહીતકુમાર હરીલાલ મૌર્ય | ૧૦ | સાહેદ |

**બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદ |
| ૨ | ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૩ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ |
| ૪ | ૧૪ | મરણોતર પંચનામું |
| ૫ | ૧૫ | મરણોતર પંચનામું |
| ૬ | ૧૬ | પી.એમ. નોટ |
| ૭ | ૧૭ | પી.એમ.નોટ |

**બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**સી - કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

**-::ચુ કા દો::-**

**કેસની ટુંકી વિગત:-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તેઓના માતા -પિતા તથા બાળકો સાથે આઈમાતા હોટલ કમ્પાઉન્ડમાથી નીકળી તેના ઘરે જતા હતા દરમ્યાન તા.૦૩/૦૧/૨૦૨૫ ના કલાક ૧૮:૧૫ વાગ્યાના અરસામાં ભરૂચ થી અંકલેશ્વર તરફ ને.હા.નં.૪૮ ઉપર મોતાલી નજીક આવેલ રાધા ક્રિષ્ણ હોટલ સામે ટાટા ઈન્ટ્રા ટેમ્પો નં. જીજે-૧૫-એ.વી.-૪૩૯૭ ના ચાલક આ કામના આરોપીએ પોતાના કબજામાનો ટેમ્પો પુર ઝડપે અને બેદરકારી રીતે હંકારી લાવી રોડ ક્રોસ કરવા ઉભેલા ફરીયાદી સાથેના પ્રતિદેવી તથા હરીલાલ નાઓને ટેમ્પા ચાલકે અડફેટમાં લઈ અકસ્માત કરી પ્રિતીદેવીને કપાળના ડાબા ભાગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નિપજાવી તથા ફરીયાદીના પિતા હરીલાલ નાઓને માથાના ભાગે ગંભીર ઈજા પહોચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી અને પોતાના કબજામાનો ટાટા ઈન્ટ્રા ટેમ્પો નં. જીજે - ૧૫ - એ.વી.-૪૩૯૭ લઈ ભાગી જઈ, ભારતીય ન્યાય સંહિતા કલમ- ૨૮૧, ૧૨૫(એ)(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ - ૧૭૭,૧૮૪, ૧૩૪, ૧૮૭ R/W મુજબ ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ –૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી વિરૂધ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક તથા દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી કોમલ રહેમાનઅલી મહંમદ હબીબની જુબાની | ૦૫ |
| ૨ | ફરીયાદ | ૦૬ |
| ૩ | સાહેદ નિરજ હરીલાલ મૌર્યની જુબાની | ૦૮ |
| ૪ | સાહેદ રોહીતકુમાર હીરલાલ મૌર્યની જુબાની | ૧૦ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૬ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | ૧૩ |
| ૭ | મરણોતર પંચનામું | ૧૪ |
| ૮ | મરણોતર પંચનામું | ૧૫ |
| ૯ | પી.એમ. નોટ | ૧૬ |
| ૧૦ | પી.એમ.નોટ | ૧૭ |

(૪) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું આંક- ૧૮ થી જાહેર કરવામાં આવતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનુ બી.એન.એસ.એસ. કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવુ જરૂરી જણાતુ ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

(૫) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:-

**-:: મુદાઓ ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના ફરીયાદી તેઓના માતા -પિતા તથા બાળકો સાથે આઈમાતા હોટલ કમ્પાઉન્ડમાથી નીકળી તેના ઘરે જતા હતા દરમ્યાન તા.૦૩/૦૧/૨૦૨૫ ના કલાક ૧૮:૧૫ વાગ્યાના અરસામાં ભરૂચ થી અંકલેશ્વર તરફ ને.હા.નં.૪૮ ઉપર મોતાલી નજીક આવેલ રાધા ક્રિષ્ણ હોટલ સામે ટાટા ઈન્ટ્રા ટેમ્પો નં. જીજે-૧૫-એ.વી.-૪૩૯૭ ના ચાલક આ કામના આરોપીએ પોતાના કબજામાનો ટેમ્પો પુર ઝડપે અને બેદરકારી રીતે હંકારી લાવી રોડ ક્રોસ કરવા ઉભેલા ફરીયાદી સાથેના પ્રતિદેવી તથા હરીલાલ નાઓને ટેમ્પા ચાલકે અડફેટમાં લઈ અકસ્માત કરી પ્રિતીદેવીને કપાળના ડાબા ભાગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નિપજાવી તથા ફરીયાદીના પિતા હરીલાલ નાઓને માથાના ભાગે ગંભીર ઈજા પહોચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી અને પોતાના કબજામાનો ટાટા ઈન્ટ્રા ટેમ્પો નં. જીજે-૧૫ - એ.વી. - ૪૩૯૭ લઈ ભાગી જઈ, ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૮૧,

૧૨૫(એ)(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪, ૧૮૭ R/W મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

**મુદા નં. ૧:–**

(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૫ થી ફરીયાદી કોમલ રહેમાનઅલી મહંમદ હબીબ નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ''હું હીન્દી ભાષી છુ મને ગુજરાતી લખાતા અને વાંચતા આવડતું નથી. બનાવ જાન્યુઆરી–૨૦૨૬ મા બનેલ હતો તેની ચોકકસ તારીખ મને હાલ યાદ નથી. બનાવ સમયે અમો હોટલ આઈ માતા હોટલ પાસે રહેમનઅલી બીરીયાનીના નામથી હોટલ ચલાવીએ છીએ અને જયાં અમો ગયેલા અને અમોને

મોડુ થતા હું તથા મારા પતિ તથા મારી બે છોકરીઓ સાથે અમારી સેટલ ઉપર રોકાયેલા હતા અને આજરોજ સવારના નવેક વાગ્યાથી મારા પતિ હોટલ ચાલુ કરતા હોય છે તે રીતે આજરોજ સવારના નવેક વાગે અમારી હોટલ ચાલુ કરેલ દરમ્યાન મારા પિતા હરીલાલ રામખિલાવન મૌર્યા. ઉ.વ.૫૩ નાઓ સવારના સાડા દસેક વાગ્યાના અરસામાં અમારી હોટલ ઉપર આવેલા હતા ત્યારબાદ બપોરના દોઢેક વાગ્યાના અરસામાં મારી મા પ્રિતીદેવી W/O હરીલાલ રામખિલાવન મૌચર્યા, ઉ.વ.૪૬ નાઓ આવેલા હતા અને તેઓ બન્ને આખો દીવસ અમારી સાથે હોટલ ઉપર રોકાયેલા હતા અને સાંજના સવા છ વાગ્યાના અરસામાં હું તથા મારા માતા પિતા તથા મારા બે છોકરીઓ પરી ઉં.વ.૭ વર્ષ તથા તજી ઉ.વ.૪ વર્ષ તથા મારા પતિના મિત્ર વિરૂ ગણેશપાલનાઓ અમારી હોટલ ઉપરથી ઘરે જવા માટે નિકળેલા અને હોટલ કમ્પાઉન્ડ પસાર કરી ને.હા.નં. ૪૮ ક્રોસ કરવા જતા અંકલેશ્વર થી ભરૂચ તરફના રોડના ત્રણેય ટ્રેક પસાર કરી ભરૂચ થી અંકલેશ્વર તરફ ના રોડ ક્રોસ કરવા ઉભા હતા દરમ્યાન ભરૂચ તરફ થી એક ટેમ્પો ચાલકે ટેમ્પો પુરઝડપે અને બેદરકારીથી હંકારી લાવી મારા માતા પિતાને અડફેટમાં લઈ અસ્માત કરતા મારા માતા પિતા રોડના વચ્ચેના ટ્રેક ઉપર ફંગોળાઈ પડી જતા મારા માતા પિતાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા લોહી નિકળવા લાગેલ આ દરમ્યાન મારી સાથેના મારા પતિના મિત્ર વિરૂ ગણેશ પાલ નાઓએ અકસ્માત કરનાર ટેમ્પોનો ફોટો તેના મોબાઈલ ફોનમાં પાડેલ હતો ત્યાર બાદ મારા પતિને જાણ થતા તેઓ પણ આવી ગયેલા અને ૧૦૮ ને કોઈએ ફોન કરતા ૧૦૮ આવતા મારા માતા પિતાને ૧૦૮ માં લેવા જતા ટેમ્પો ચાલક ટેમ્પો લઈ ભાગી ગયેલ હોવાનું જણાયેલ છે અને મારા માતા પિતાને ૧૦૮ માં મારા પતિ ગડખોલ સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા અને અમો મો.સા. ઉપર ગયેલા હતા અને ત્યાં ડોકટરે મારી

મા ને તપાસી જોતા મારી મા મરણ ગયેલ હોવાનું જણાવેલ છે આ મારી મા ને કપાળમાં ડાબી બાજુએ તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હતી અને મારા પિતાને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થયેલ હોય તેઓ બે ભાન જેવી હાલતમાં હતા અને ડોકટરે પ્રાથમિક સારવાર કરી મારા પિતાને ભરૂચ સીવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે રીફર કરતા મારા પિતાને મારા પતિ ભરૂચ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ભરૂચ ખાતે મારા પિતા સારવાર દરમ્યાન આજરોજ કલાક.૨૧/૦૦ વાગ્યાના અરસામાં મરણ ગયેલ હોવાનુ મારા પતિએ ફોનથી જણાવતા હકિકત જાણેલ છે આ બનાવ બાદ મેં તથા મારા પતિએ મારા ભાઈઓને જાણ કરતા તેઓ પણ આવેલ હતા  દ જેથી સદર અકસ્માત અંગેની ફરીયાદ અમોએ અંકલેશ્વર શહેર બી ડી. પો.સ્ટે. ખાતે લખાવેલ હતી જે ફરીયાદ મને બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૦૬ આપવામા આવે છે. સદર અકસ્માત જે ટેમ્પાથી થયેલ હતો તેનો નંબર મને હાલ યાદ નથી કે ટેમ્પો ચાલક / આરોપીને પણ હું જોયે ઓળખતી નથી. '' સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાની પોલીસ રુબરુની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

સદર ફરીયાદી બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે,'' એ વાત ખરી છે કે, મારે આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, બનાવ  જે ટેમ્પો થી થયેલ તેનો નંબર જોયેલ નથી કે, હું આરોપીને ઓળખતી નથી. એ વાત ખરી છે કે, મારે હાલની ફરીયાદ આગળ ચાલવવી નથી કે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરશીશ આપેલ છે. ''

(૧૦) ફરીયાદપક્ષે આંક–૮ થી સાહેદ નિરજ હરીલાલ મૌર્ય નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, '' હું હીન્દી ભાષી છુ મને ગુજરાતી લખાતા અને વાંચતા આવડતું નથી. બનાવ જાન્યુઆરી–૨૦૨૬ મા બનેલ હતો તેની ચોકકસ તારીખ મને હાલ યાદ નથી. રૂબરૂમાં પુછવાથી લખાવું છું કે હું ઉપરના લખાવેલા હાલના સરનામે મારા પરીવાર મારા માતા પિતા સાથે રહું છું અને છુટક કલર કામ કરવાનો ધંધો કરૂ છું. બનાવના રોજ સાંજના આશરે સવા છ વાગ્યાના સુમારે હું જીતાલી ગમમાં હતો તે વખતે તે વખતે મારા પર મારા ભાઈ રોહીતનો ફોન આવેલ હતો અને મને જણાવેલ કે માતા પિતા જેઓ બનેવીના હોટલ પર હતા જેઓ સાંજના સમયે આશરે સાડા છ વાગ્યાના અરસામાં હોટલ પરથી ખાવાનું લઈને બેન તથા બેનની છોકરીઓ સાથે તેઓ બનેવીના ઘરે જવા માટે નેઈહાઈનં ૪૮ નો અંકલેશ્વર થી ભરૂચ જતા રોડ પર નીકળી બનેવીના તથા તેનો મિત્ર વિરૂપાલ તેઓને હાઈવે રોડ ક્રોસ કરાવવા માટે ગયેલા અને હોટલની સામેથી અંકલેશ્વર થી ભરૂચ તરફ જવાનો રોડ ક્રોસ કરી તેઓને ભરૂચ તરફથી આવતો રોડ ક્રોસ કરવા માટે ઉભા હતા તે વખતે બનેવીએ બેનનો હાથ પકડેલ હતો અને બંને દિકરીઓના હાથ તેઓના મિત્રએ પકડેલ હતા મારા માતા પિતા નાઓએ એક બીજાના હાથ પકડેલ હતા અને તેઓ રસ્તો ક્રોસ કરવા માટે રાહ જોતા હતા તે વખતે ટેમ્પોના ચાલકે તેના કબજાનું વાહન પુર ઝડપે હંકારી લાવી મારા માતા પિતાને અડફેટમાં લેતા તેઓ બંને ત્યાંજ રોડ પર પડી ગયા હતા અને આ ટાટા ઈસ્ટ્રા ટેમ્પો દસેક મીટરના અંતરે આ ટેમ્પો રોડની સાઈડમાં ઉભો કરી તેમાંથી ડ્રાઈવર ઉતરી ચાવી લઈને જતો રહેલ હતોઈ તે વખતે તેઓ મારા માતા પિતાને દવાખાને લઈ જવા માટે ભાગદોડમાં હતા એટલે આ ટેમ્પાને તેઓએ ધાન આપેલ નહી પરંતુ બનેવીના મિત્ર વિરૂપાલ નાઓએ ટેમ્પોના ફોટા પાડી લીધેલ . તેવી હકીકત જણાવતા અમો

તરતજ ગડખોલ ખાતે આવેલ હોસ્પિટલ જવા માટે નીકળેલ અને હતા અને થોડી વારમાં હું દવાખાને પહોંચી ગયેલ હતો ત્યારે ત્યાં હાજર મારી બેને મને કહેલ કે પિતાજીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોવાથી તારા બનેવી ભરૂચ ખાતે લઈ ગયેલ છે અને માતાને ફરજ પરના ડોકટરશ્રીનાઓએ ચેક કરતા તેઓએ મરણ ગયેલ હોવાનું જણાવેલ છે. અને ભરૂચ સીવીલ હોસ્પિટલમાં મારા પિતાની સારવાર ચાલું કરેલ અને સારવાર દરમ્યાન મરણ ગયેલાનું મારા બનેવીનો ફોન આવતા જણાવેલ હતું. આ બાબતે ડોકટરશ્રી નાઓએ અંકલેશ્વર શહેર બી. ડી. પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા પોલીસના માણસો આવેલા અને આ વાહન એકસીડંટ બાબતે મારી બેન કોમલ્નાઓએ ટેમ્પો ચાલકની વિરૂધ્ધમાં અંકલેશ્વર બી. ડી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા ગુનો દાખલ કરવામાં આવેલ. અજે જે આધારે મારા પિતાજીની લાશનું પીએમ કરવમા આવેલ અને લાશનો કબજો અમોને સોંપેલ અને તેઓની લાશને લઈ અમારા ઘરે આવેલ હતા અને જાતીના રીત રિવાજ મુજબ તેઓની લાશનું અંતીમ વિધી કરવામાં આવેલી સદર અકસ્માત કરનારનો વાહન નંબર મે જોયેલ નહીં કે આરોપીને હું જોયે ઓળખતો નથી. '' સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, મારે આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી કે ટેમ્પો નંબર મને યાદ નથી કે હું આરોપીને ઓળખતો નથી. એ વાત ખરી છે કે, મારે હાલની ફરીયાદ આગળ ચાલવવી નથી કે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરશીશ આપેલ છે.

(૧૧) ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ રોહીતકુમાર હરીલાલ મૌર્યા નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,'' હું હીન્દી ભાષી છુ મને ગુજરાતી લખાતા અને વાંચતા આવડતું નથી. બનાવ જાન્યુઆરી–૨૦૨૬ મા બનેલ હતો તેની ચોકકસ તારીખ મને હાલ યાદ નથી. રૂબરૂમાં પુછવાથી લખાવું છું કે હું ઉપરના લખાવેલા હાલના સરનામે મારા પરીવાર મારા માતા પિતા સાથે રહું છું અને છુટક કલર કામ કરવાનો ધંધો કરૂ છું. બનાવના રોજ સાંજના આશરે સવા છ વાગ્યાના સુમારે હું જીતાલી ગમમાં હતો તે વખતે તે વખતે મારા પર મારા ભાઈ રોહીતનો ફોન આવેલ હતો અને મને જણાવેલ કે માતા પિતા જેઓ બનેવીના હોટલ પર હતા જેઓ સાંજના સમયે આશરે સાડા છ વાગ્યાના અરસામાં હોટલ પરથી ખાવાનું લઈને બેન તથા બેનની છોકરીઓ સાથે તેઓ બનેવીના ઘરે જવા માટે નેઈહાઈનં ૪૮ નો અંકલેશ્વર થી ભરૂચ જતા રોડ પર નીકળી બનેવીના તથા તેનો મિત્ર વિરૂપાલ તેઓને હાઈવે રોડ ક્રોસ કરાવવા માટે ગયેલા અને હોટલની સામેથી અંકલેશ્વર થી ભરૂચ તરફ જવાનો રોડ ક્રોસ કરી તેઓને ભરૂચ તરફથી આવતો રોડ ક્રોસ કરવા માટે ઉભા હતા તે વખતે બનેવીએ બેનનો હાથ પકડેલ હતો અને બંને દિકરીઓના હાથ તેઓના મિત્રએ પકડેલ હતા મારા માતા પિતા નાઓએ એક બીજાના હાથ પકડેલ હતા અને તેઓ રસ્તો ક્રોસ કરવા માટે રાહ જોતા હતા તે વખતે ટેમ્પોના ચાલકે તેના કબજાનું વાહન પુર ઝડપે હંકારી લાવી મારા માતા પિતાને અડફેટમાં લેતા તેઓ બંને ત્યાંજ રોડ પર પડી ગયા હતા અને આ ટાટા ઈસ્ટ્રા ટેમ્પો દસેક મીટરના અંતરે આ ટેમ્પો રોડની સાઈડમાં ઉભો કરી તેમાંથી ડ્રાઈવર ઉતરી ચાવી લઈને જતો રહેલ હતોઈ તે વખતે તેઓ મારા માતા પિતાને દવાખાને લઈ જવા માટે ભાગદોડમાં હતા એટલે આ ટેમ્પાને તેઓએ ઘાન આપેલ નહી પરંતુ બનેવીના

મિત્ર વિરૂપાલ નાઓએ ટેમ્પોના ફોટા પાડી લીધેલ . તેવી હકીકત જણાવતા અમો તરતજ ગડખોલ ખાતે આવેલ હોસ્પિટલ જવા માટે નીકળેલ અને હતા અને થોડી વારમાં હું દવાખાને પહોંચી ગયેલ હતો ત્યારે ત્યાં હાજર મારી બેને મને કહેલ કે પિતાજીને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હોવાથી તારા બનેવી ભરૂચ ખાતે લઈ ગયેલ છે અને માતાને ફરજ પરના ડોકટરશ્રીનાઓએ ચેક કરતા તેઓએ મરણ ગયેલ હોવાનું જણાવેલ છે. અને ભરૂચ સીવીલ હોસ્પિટલમાં મારા પિતાની સારવાર ચાલું કરેલ અને સારવાર દરમ્યાન મરણ ગયેલાનું મારા બનેવીનો ફોન આવતા જણાવેલ હતું. આ બાબતે ડોકટરશ્રી નાઓએ અંકલેશ્વર શહેર બી. ડી. પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા  પોલીસના માણસો આવેલા અને આ વાહન એકસીડંટ બાબતે મારી બેન કોમલ્નાઓએ ટેમ્પો ચાલકની વિરૂધ્ધમાં અંકલેશ્વર બી. ડી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા ગુનો દાખલ કરવામાં આવેલ . અજે જે આધારે મારા પિતાજીની લાશનું પીએમ કરવમા આવેલ અને લાશનો કબજો અમોને સોંપેલ અને તેઓની લાશને લઈ અમારા ઘરે આવેલ હતા અને જાતીના રીત રિવાજ મુજબ તેઓની લાશનું અંતીમ વિધી કરવામાં આવેલી સદર અકસ્માત કરનારનો વાહન નંબર મે જોયેલ નહીં કે આરોપીને હું જોયે ઓળખતો નથી. '' સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, મારે આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, બનાવ  મે નજરે જોયેલ નથી  કે ટેમ્પો નંબર મને યાદ નથી કે હું આરોપીને ઓળખતી નથી. એ વાત ખરી છે કે, મારે હાલની ફરીયાદ આગળ ચાલવવી નથી કે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરશીશ

આપેલ છે.

**પુરાવાનું પૃથ્થકરણ:-**

**(૧૨).** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક-૫ થી તપાસેલ ફરીયાદી અકસ્માતનો બનાવ કેવી રીતે અને કઈ રીતે બનેલો તે અંગે જણાવે છે તેમજ કહેવાતા અકસ્માતના બનાવમાં તેઓના માતા-પિતાને ઈજા થતા સારવાર લીઘેલ હોવાનુ જણાવે છે પરંતુ એવુ પણ જણાવે છે કે સદર અકસ્માત જે ટેમ્પાથી થયેલ હતો તેનો નંબર તેઓને હાલ યાદ નથી કે ટેમ્પો ચાલક/ આરોપીને પણ જોયેથી ઓળખતા નથી. તેમજ, એવુ સ્વિકારે છે કે, તેઓને આરોપી સાથે સમાઘાન થઈ ગયેલ છે. બનાવ જે ટેમ્પોથી થયેલ તેનો નંબર જોયેલ નથી કે તેઓ આરોપીને ઓળખતા નથી. તેઓને હાલની ફરીયાદ આગળ ચલાવવી નથી કે વઘુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા માંગતા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરસીસ રજુ આપેલ છે. વઘુમાં આંક-૮ થી તપાસેલ સાહેદની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામા આવે તો તેઓ તેઓને આરોપી સાથે સમાઘાન થઈ ગયેલ હોવાનુ તેમજ, બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે ટેમ્પાનો નંબર તેઓને યાદ ન હોવાનુ કે તેઓ આરોપીને ઓળખતા ન હોવાનુ તેમજ, તેઓને હાલની ફરીયાદ આગળ ચલાવવી નથી કે વઘુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરસીસ આપેલ હોવાનુ જણાવે છે. તેવી જ રીતે આંક-૧૦ થી તપાસેલ સાહેદ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને તપાસેલ નથી અને આંક-૧૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. ફરીયાદીએ ખુદ તેમની આંક-૬ વાળી ફરીયાદની વિગતોને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આ કામે આંક-૮ તથા

આંક–૧૦ થી તપાસેલ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. વધુમાં, સદર કામે રેકર્ડ ઉપર આંક–૧૨ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૧૩ થી એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ, આંક–૧૪,૧૫ થી મરણોતર પંચનામુ,આંક–૧૬,૧૭ થી પી.એમ. નોટસ રજુ થયેલ છે. પરંતુ ફરીયાદપક્ષે રજુ મૌખિક પુરાવા પરથી બનાવ હાલના આરોપીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે થયેલ હોય અથવા તો બનાવ સમયે હાલના આરોપી અકસ્માત વાળુ વાહન ગફલતભરી રીતે ચલાવતા હોય કે આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકીકત ફલીત થતી ન હોય સદર દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરુપ થઈ શકે તેમ ન હોય તેની વિશેષ ચર્ચા કરવી જરુરી જણાતી નથી. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીંને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી **આરીફ મકબુલ સીદ્દીકી** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા કલમ–૨૮૧,૧

૨૫(એ)(બી),૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ – ૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૧૧મી, માહે. મે , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૫/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વિજયકુમાર આર. સોલંકી)**
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ ,
અંકલેશ્વર , જીલ્લો–ભરૂચ.
**કોડ નં.જી.જે.૦૧૧૬૫**